# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-07-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG)

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM ST BUS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં 151 એસટી બસોને લીલીઝંડી આપી. આ પ્રસંગે વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે રાજ્યમાં દરરોજ 27 લાખ મુસાફરો એસટી બસમાં મુસાફરી કરે છે. શ્રી સંઘવીએ ઉમેર્યું કે રાજ્ય સરકારે કુલ 1963 નવી બસોની ખરીદીની મંજૂરી આપી છે તેમજ **PPP** મોડલ અંતર્ગત 100 આધુનિક **AC** બસોના સંચાલનનું આયોજન હાથ ધરીને 2063 બસો લોકોની સેવામાં મૂકવાનું આયોજન કર્યું છે.

.......................................

# TERRORIST ARRESTED

ગુજરાત આતંકવાદ વિરોધી દળ – **A.T.S.**એ આતંકી સંગઠન અલકાયદા સાથે જોડાયેલી 30 વર્ષની મહિલા શમા પરવીનની ધરપકડ કરી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી આ મહિલા આતંકી સંગઠનની વિચારધારાનો પ્રચાર કરી રહી હતી.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , બેંગ્લુરુથી પકડાયેલી આ મહિલા બેંગ્લોરની એક અત્યંત કટ્ટરપંથી આતંકવાદી છે. તે ઑનલાઈન આતંકી મૉડેલ પર કામ કરે છે અને તેના વિવિધ ઉપકરણોથી પાકિસ્તાની સંપર્ક પણ મળી આવ્યા છે.

**(BYTE: HARSH SANGHAVI, HOME MINISTER OF GUJARAT)**

# AHMEDABAD PLANTATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના ચાંદલોડિયામાં મિશન ફોર મિલિયન ટ્રિઝ 2025 અંતર્ગત વૃક્ષારોપણ કર્યું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા , શહેરના મેયર પ્રતિભા જૈન , મ્યુનિસિપલ કમિશનર બંછાનીધી પાની, ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન શ્રીમતી જૈને જણાવ્યુ હતું કે શહેરના હરિયાળા આવરણને વધારવા માટે 40 લાખ વૃક્ષો વાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જેમાં 50 ટકાનો લક્ષ્યાંક પૂર્ણ થયો છે.

(બાઇટ: પ્રતિભા જૈન, મેયર)

.......................................

# MEHSANA ANIMAL HOSTEL

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કાંસા ગામની ગણપતપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ પોતાના 125 પશુપાલકો માટે 8 વિઘા જમીનમાં રાજ્યની સૌ પ્રથમ એનિમલ હોસ્ટેલ વિકસાવી છે. અઢી કરોડ રૂપિયાના ખર્ચે તેનું નિર્માણ કરાયું છે. અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે આ હોસ્ટેલમાં 125 શેડમાં 500 પશુઓ રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત પશુઓ માટે ઘાસચારો , ઉકરડા અને પાણી સહિતની તમામ વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. પશુઓ માટે અલગથી બીજદાન કેન્દ્ર પણ બનાવાયુ છે. મંડળીના પ્રમુખ જશુ પટેલે જણાવ્યું હતું કે ઘર આગળ પશુઓ બાંધવાથી ગંદકી ફેલાતી હોય છે. ત્યારે આ એનિમલ હોસ્ટેલ બનાવવાનો હેતુ વાડા અને ઉકરડા પ્રથા બંધ કરવાનો છે.

........................................

# CEICED RESULT

લાયસન્સિંગ બોર્ડ ઉદ્યોગ ભવન ગાંધીનગર દ્વારા ઇલેક્ટ્રિકલ સુપરવાઇઝર અને વાયરમેનની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આ ખાતાની વેબસાઇટ ceiced.gujarat.gov.in પર આ પરિણામ મૂકવામાં આવ્યું છે. તમામ ઉમેદવાર પોતાનું પરિણામ **CEICED**ના પોર્ટલ પર લૉગિન કરી તારીખ પહેલી ઓગસ્ટથી ડાઉનલોડ કરી શકશે.

ઉલ્લેખનીય છે તારીખ 12 મે થી 15 મે દરમિયાન રાજ્યના જુદા જુદા કેન્દ્રો પર આ પરીક્ષા લેવાઈ હતી.

........................................

# Bhavnagar ayodhya train

3 ઓગસ્ટ, રવિવારનાં રોજ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ ભાવનગરથી અયોધ્યા જતી ટ્રેનનું ઉદ્ઘાટન કરશે., રેલવે મંત્રી સવારે **11.00** વાગ્યે ભાવનગર-અયોધ્યા ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરાવશે.

........................................

# SURENDRANAGAR KUVAA

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના ધોળીયા ગામમાં સરકારી જમીનમાં કોલસાના ગેરકાયદેસર ખનનના સાત કુવા મળી આવ્યા છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે આ કૂવાઓમાંથી **38** જેટલા મજૂરોને બચાવી લેવાયા છે.

ચોટીલાના નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણા અને મુળીના મામલતદાર આર.ડી.પટેલની સંયુક્ત ટીમે દરોડો પાડી આ કાર્યવાહી કરી હતી. ખનીજ ચોરી માટે ઉપયોગમાં લેવાતા ચાર ટ્રેક્ટર, એક કમ્પ્રેસર અને છ ચરખી મળી કુલ **36** લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ વ્યક્તિ સામે ખનીજ ચોરી અંગેની કાર્યવાહી કરવામાં આવી છે.

........................................